# ઠાકોર-કોળી વિકાસ નિગમ દ્વારા ૫૩૦ લાભાર્થીઓને ૩.૨૫ કરોડની સહાય

ગાંધીનગર, તા. ૧૮

ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ દ્વારા ગાંધીનગર ખાતે ૫૩૦ યુવા-યુવતી અને લાભાર્થીઓને શિક્ષણ તેમજ વ્યવસાય રોજગાર માટે રૂ. ૩.૨૫ કરોડનું ધિરાણ કરવામાં આવ્યું હતું.

મુખ્યમંત્રી વિજયભાઈએ લાભાર્થીઓને મળનારા સહાયના ચેક બેન્ક ખાતામાં જમા થવાના છે તેમ નિગમના ઈતિહાસમાં પહેલી વાર ૫૦૦ ઉપરાંત લાભાર્થીઓને ધિરાણ કરવામાં આવ્યું છે તે ઘટનાને બક્ષીપંચ માટે રાજ્યની કલ્યાણ નિતીના ભાગ રૂપે છે તેમ જણાવ્યુ હતુ. વધુમાં ઉમેર્યુ કે પારદર્શીતા, નિર્ણાયકતા, સંવેદનશીલતાના ચાર સ્તંભ પર સીએમ-કોમન મેન તરીકે રાજ્યની જનતાની સેવા કરવા તેઓ સદૈવ પ્રતિબદ્ધતા છે.

સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી આત્મારામભાઈ પરમારે જણાવ્યુ હતુ કે પછાત વર્ગોના વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણની સુવિધાઓ શહેરોમાં મળી રહે તે માટે આઠ જેટલી હાઈટેક સમરસ હોસ્ટેલો બનાવી છે. જેમાં આઠ હજાર જેટલા વિદ્યાર્થીઓને રહેવા-જમવાની સુવિધાનો લાભ આપવામાં આવે છે.

ગુજરાત ઠાકોર અને કોળી સમાજ વિકાસ નિગમના અધ્યક્ષ નંદાજી ઠાકોરે જણાવ્યું હતું કે સમાજના વિદ્યાર્થીઓને સરકારી નોકરી માટે તાલીમ કેમ્પોનું આયોજન હાથ ધરેલ છે. રાજ્ય સરકારે ચાલુ વર્ષે બજેટમાં રૂ. ૧૧૪૩ કરોડની રકમ બક્ષીપંચ માટે મંજૂર કરી છે.

રાજ્યમાંથી આવેલા ઠાકોર-કોળી સમાજના વિશાળ સંખ્યામાં ઉપસ્થિત ભાઈઓને જશવંત ગાંધી, મેનેજીંગ ડીરેક્ટરે વ્યસનમુક્તિના શપથ લેવડાવ્યા હતા.

શ્રમ અને રાજ્ય રોજગાર મંત્રી દિલીપકુમાર ઠાકોર સામાજિક ન્યાય અને પછાત વર્ગોના કલ્યાણ રાજ્ય મંત્રી કેશાજી ચૌહાણ, સંસદીય સચિવ હિરાભાઈ સોલંકીએ પ્રાસંગિક પ્રવચનો કર્યા હતા.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને આભારવિધિ નિગમના મેનેજીંગ ડિરેક્ટર જશવંત ગાંધીએ કરી હતી.



## શ્રી મોડાસા રોડ ટ્રાન્સપોર્ટ કો.ઓ. સો.લિ.ના પ્રમુખ-ઉપપ્રમુખની વરણી

મોડાસાની નામાંકિત ધી મોડાસા રોડ ટ્રાન્સપોર્ટ કો.ઓ.સો.લિ. હાલમાં યોજાયેલ વ્ય. કમિટિની ચૂંટણીમાં ઘોડાની પેનલનો વિજય થયેલ. આજે સંસ્થાના પ્રમુખ તથા ઉપપ્રમુખ માટેની ચૂંટણીમાં પ્રમુખ પદે બે વર્ષના લાંબા ગાળા પછી ભુતપૂર્વ પ્રમુખ અબ્દુલરજ્જાક ટીંટોઈયા ફરી એકવાર પ્રમુખપદે ચૂંટાઈ આવેલ છે. જ્યારે ઉપપ્રમુખ પદે નવયુવાન અબ્દુલરહીમ મનવા ચુંટાય આવેલ છે. ઘોડાની પેનલના આઠ સભ્યો હાજર રહેલા જ્યારે વિરોધી પેનલના ચુંટાયેલા ત્રણ ઉમેદવારો ગેરહાજર હતા. હાલમાં નવા આવેલ પ્રમુખ તથા તેમની વ્ય. કમિટિ સંસ્થાનું વહીવટ પારદર્શક અને સ્વચ્છ કરે તેમજ સંસ્થાનો વિકાસ થાય અને સભાસદોને ન્યાયિક અને સંતોષપુર્વક જવાબ મળે તેવી સભાસદોમાં ચર્ચા જોવા મળેલ હતી. સંસ્થામાં પ્રમુખ તથા ઉપપ્રમુખને અભિનંદન આપવા મોટી સંખ્યામાં સભાસદો ઉમટી પડ્યા હતા.

# પાલનપુરમાં પ્રગતિ સેતુ કાર્યક્રમમાં ગઢને તાલુકો બનાવવા માટે તંત્રને રજૂઆત

પાલનપુર, તા. ૧૮

મંગળવાર સવારે પાલનપુર પ્રાંત કચેરી ખાતે પ્રગતિ સેતુ કાર્યક્રમ યોજાયો હતો. જિલ્લા કલેક્ટર જેનું દેવનના અધ્યક્ષસ્થાને યોજાયેલ કાર્યક્રમમાં ગ્રામ્ય વિસ્તારમાંથી આવેલા અરજદારોએ માર્ગ, રસ્તા, વીજળી, પશુ દવાખાનુ, રેલવે ગઢને તાલુકા બનાવવા અંગેની પ્રશ્નોની ચર્ચા કરી હતી.

પાલનપુર તાલુકાનું ગઢ ગામ આજુબાજુના ૫૦ થી ૬૦ ગામો સાથે સંકળાયેલું છે અને આજુબાજુના ગામો ખરીદી તેમજ દવાખાના અને અભ્યાસ અર્થે ગઢ આવતા હોય છે. ગઢમાં શાળાઓ, કોલેજો, આઈટીઆઈ કોલેજો, સરકારી દવાખાનુ, રેફરલ હોસ્પિટલ તેમજ અન્ય સુવિધાઓ ઉપલબ્ધ છે. આના લીધે લોકોનો ધસારો ગઢ તરફ વધુ રહે છે.

પ્રગતિ સેતુ કાર્યક્રમમાં જિલ્લા યુવા ભાજપના પૂર્વ મહામંત્રી રમેશભાઈ પટેલ દ્વારા ગઢને તાલુકો બનાવવા જરૂરી દરખાસ્ત સરકારને કરી ઝડપથી તાલુકો બને તેવી રજુઆત કરી હતી. તેમજ ગઢ તાલુકો બનવાથી ગઢમાં એ.પી.એમ.સી. ખરીદ વેચાણ સંઘો અન્ય સહકારી અને સરકારી ઓફિસો આવે જેના લીધે લોકોને કામ અર્થે દૂર જવું ના પડે અને આ વિસ્તારનો વિકાસ થાય આ પ્રશ્ન કોઈ એક વ્યક્તિનો નહિ પરંતુ સમગ્ર ગઢ વિસ્તારનો સામુહિક છે. તેવું પણ જણાવેલ હતુ. અધિકારીઓએ આ બાબત ઉચ્ચ કક્ષાએ જરૂરી દરખાસ્ત સાથે મોકલવાની ખાતરી આપી હતી.

તેમજ ખુબજ લાંબા સમયથી પેન્ડીંગ છે તેવા કુંભલમેર ગામે હરીજનવાસ જોડે પાણીના નિકાલ માટે નાળુ મુકવાની રજુઆત કરી હતી. ચોમાસામાં પાણી હરીજનવાસમાં આવી જતુ હોય છે. તેમજ ગામનો મુખ્ય રસ્તો બંધ થતો હોઈ કાયમી ઉપાય માટે ઝડપથી બજેટ ફાળવી આ પાણીના નિકાલ માટે નાળુ બનાવવું અને હાલ પુરતો રસ્તો શરૂ કરવા જરૂરી કાર્યવાહી કરવાની રજુઆત કરી હતી.

# કાંકરેજ તાલુકાના ખીમાણા પુલ પાસે આવેલ એક ખાનગી હોટલ પરથી ૮ બેરલ ડિઝલ ઝડપાયું

કાંકરેજ, તા. ૧૮

પ્રાપ્ત વિગતો અનુસાર કાંકરેજના ખીમાણા ગામે હાઈવે પર આવેલી હોટલમાં પાછળના ભાગે ઠાકોર લાલાજી મનુજી ઉર્ફે લાલસીંગની હોટલ ઉપર ખાનગી બાતમીના આધારે છાપો મારતા ૭ બેરલ ડિઝલ, ૧ અડધુ બેરલ, ૩ ઝડપાઈ છે.

આમ હાઈવેની હોટલો ઉપર આવી કેટલાય કારોબાર કાંકરેજમાં ચાલે છે તે શિહોરી પોલીસ જાણતી



મોટા પડધા બાંધીને ગાડી ન દેખાય તેવી રીતે ડિઝલ ચોરી કરવાનો પર્દાફાશ કરતી પાલનપુર એસઓજી ટીમના એએસઆઈ સાયલાભાઈ એએસઆઈ બાબુદાન, પી.સી. જીતેન્દ્રકુમાર સહિતે ખીમાણાના કેરબા ડીઝલ એમ કુલ ૧૫૦૦ લીટર ઉપર ડીઝલ ઝડપી આરોપી લાલસીંગની પણ ધરપકડ કરી છે. શિહોરી પોલીસ સ્ટેશને લાવીને કાર્યવાહિ હાથ ધરી છે અને શિહોરી પોલીસ હપ્તાની હોડમાં ઉંઘતી હોવા છતાં આંખ આડા કાન કરી વ્યવહારથી જ ચાલવા દેતી હોવાનું લોકમુખે ચર્ચાતા પાલનપુરની એસઓજી ટીમે શિહોરી પોલીસ અને કાળા કારોબાર કરનારાઓની ઊંઘ ઉડાવી દિધી છે.

## મહેસાણા જિલ્લા તંત્ર દ્વારા આરોગ્ય સર્વેલન્સ કામગીરી કરાઈ

મહેસાણા જિલ્લાના આદીવાડા તબીબી અધિકારી દ્વારા શંખલપુર ગામે આરોગ્ય સર્વેલન્સની કામગીરી કરાઈ છે. જેમાં ૧૮૭ ઘરો, ૭૫૬ વ્યક્તિઓની તપાસ કરાઈ છે. આ તપાસ પૈકી એક પણ ચિકન ગુનિયાનો શંકાસ્પદ કેસ મળેલ નથી. સર્વેલન્સ દરમિયાન તાવના ત્રણ કેસોની સ્થળ પર સારવાર તંત્ર દ્વારા આપવામાં આવી છે. આ ઉપરાંત ૨ નવેમ્બરથી ૫ નવેમ્બર દરમિયાન ૭૩૧ ઘરો, ૨૮૪૨ વ્યક્તિઓને તપાસવામાં આવરી લેવાયા છે જેમાંથી ૭ તાવના કેસો મળી આવ્યા છે. શંખલપુર ગામે તંત્ર દ્વારા કરાયેલ આર્યુવેદિક ઉકાળા કેમ્પના આયોજનમાં ૩૪૨ લાભાર્થીઓએ લાભ લીધો છે. તેમ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી મહેસાણા જણાવાયું છે.



## વડગામ તાલુકાના મુમનવાસ ખાતે ડીડીઓના અધ્યક્ષસ્થાને સેવા સેતુ કાર્યક્રમ યોજાયો

પારદર્શી પ્રશાસન માટે પ્રતિબદ્ધ રાજય સરકાર પ્રજાની લાગણી-માંગણી અને અપેક્ષાઓ પૂર્ણ કરવા તથા રાજયના વહીવટમાં પાદર્શિતા વધે તેમજ પ્રજાની વ્યક્તિલક્ષી અને સામૂહિક રજુઆતોનો સ્થળ ઉપર જ ઉકેલ લાવવા સેવા સેતુ-પ્રગતિ સેતુ કાર્યક્રમ યોજવામાં આવી રહ્યા છે. જે અંતર્ગત બનાસકાંઠા જિલ્લાના વડગામ તાલુકાના મુમનવાસ ખાતે બનાસકાંઠા જિલ્લા વિકાસ અધિકારી અમિત અરોરાના અધ્યક્ષસ્થાને સેવા સેતુ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં મુમનવાસ સહિત આજુબાજુના ગામના લોકોએ પોતાના પ્રશ્નો રજુ કર્યા હતા. તે પ્રશ્નોનું અધિકારીઓ અને કર્મચારીઓ દ્વારા સ્થળ ઉપર જ નિરાકરણ લાવવામાં આવ્યું હતું.

## મહેસાણા શહેરમાં ગોપીનાળા બહાર ટ્રાફિક સમસ્યા નિવારવા ડાયવર્ઝન અપાયું

મહેસાણા, તા. ૧૮

મહેસાણા શહેરમાં ગોપીનાળા બહાર ટ્રાફિક સમસ્યા નિવારવા માટે અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ રમેશ મેરજાએ જાહેરનામું બહાર પાડ્યું છે.ટ્રાફિકની સમસ્યા સર્જાય નહી તેમજ ઈમરજન્સી સેવાઓ અટવાઈ જાય નહી તે માટે જાહેરનામું બહાર પડાયું છે.જેમાં રાધનપુર સર્કલથી ઉમિયા મેડીકલ સ્ટોર થઈ ગોપીનાળા તરફ આવતા માર્ગ તેમજ ગોપીનાળા તરફથી મગપરા રોડ થઈ રાધનપુર સર્કલ તરફ જતાં માર્ગને વન વે જાહેર કરવામાં આવેલ છે.આ આદેશ સરકારી એસ.ટી બસ, લશ્કરના વાહનો, એમ્બ્યુલન્સ, ફાયર ફાઈટર તથા સરકારી વાહનોને લાગું પડશે નહી, આ ઉપરાંત જિલ્લા મેજીસ્ટ્રેટે અને અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ ખાસ લેખિત હુકમ દ્વારા મંજુરી આપે તેવા ભારે વાહનને હુકમ લાગું પડશે નહી, તેમ અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ રમેશ મેરજાની અખબારી યાદીમાં જણાવાયું છે.

## મહિનો મુસાફરી... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આમ નાગરિકોના ખિસ્સામાં ઘણીવાર રોજિંદા કામો માટે પણ છુટા પૈસા ન હોય તેવી સ્થિતિ છે.ત્યારે વાહનવ્યવ્હારના ઉપયોગમાં પણ આમ નાગરિકોએ તકલીફોનો સામનો કરવો પડે છે. એસ ટી તંત્ર દ્વારા જુની નોટો સ્વીકારવામાં આવે છે. પરંતુ જુની નોટો સામે છુટા પૈસા આપવાનુ મુશ્કેલ બનતા આ કકળાટ પ્રવર્તે છે. આવા સંજોગોમાં એસ ટી ની સલામત સવારીમાં કંડકટરો અને મુસાફરો વચ્ચે છુટા પૈસાની માથાકુટ રોજનો વિષય બની છે. ગાંધીનગર ડેપોના સુત્રોના જણાંવ્યા મુજબ રોજબરોજ ગાંધીનગર અમદાવાદ વચ્ચે અપડાઉન કરતા મુસાફરો પૈકી ૪૪૦૦ જેટલા પાસ ધારકો હોવાથી મોટાભાગે પૈસાની લેવડદેવડ કરવી પડતી નથી.

જયારે અન્ય મુસાફરોને પણ છુટા પૈસા હોય ત્યાં સુધી આપી દેવાય છે અગર ટીકીટ પાછળ નોંધ કરી ડેપો કક્ષાએથી છુટા આપી દેવાય છે. જો કે નોટબંધી વચ્ચે એસ ટી તંત્ર દ્વારા સલામત સવારીના મુસાફરોને મોટી રાહત તેમજ આર્થિક લાભ આપતી સોહામણી જાહેરાત કરવામાં આવી છે.

જેમાં ૧૫ દિવસના પૈસા ભરીને ૩૦ દિવસ મુસાફરી કરવાની યોજના જાહેર કરવામાં આવી છે. આ યોજનાનો અમલ એસ ટી નિગમ દ્વારા તા ૧૯ નવેમ્બરથી કરવામાં આવશે તેમ પણ જણાંવાયુ છે. મુખ્યમંત્રી વિજય રૂપાણીના માર્ગદર્શન હેઠળ વાહન વ્યવ્હાર મંત્રી વલ્લભભાઈ કાકડીયાએ મુસાફરોને એસ ટી ભાડામાં અપાતી ૪૦ ટકા રાહતમાં ૧૦ ટકા વધારો કરી ૫૦ ટકા રાહત આપવાની જાહેરાત કરી છે.

## સૌથી વધુ પ્રશ્નો... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મંત્રીશ્રી રજુઆતકર્તા બન્યા હોવાની વાત ૧૦૦ મીટર દૂર આવેલા સચિવાલય સુધી પહોંચતા સામાન્ય વહીવટ વિભાગના ઉચ્ચ અધિકારીઓ લવીંગીયા અને તેમની ટીમ સ્ટાફ ટ્રેનીંગ કોલેજ ખાતે દોડી આવી હતી. તેમણે પણ બધી વ્યવસ્થાઓ અંગેની સમીક્ષા કરી હતી.

આજે યોજાયેલ પ્રગતિસેતુ કાર્યક્રમમાં ૮૭૦ પ્રશ્નો રજુ થયા હતા. રાજયમાં સૌથી વધુ પ્રશ્નો પ્રગતિ સેતુમાં રજુ થયા હોય તેવો ગાંધીનગર જિલ્લો છે. આ અગાઉ જામનગરમાં ૫૭૦ જેટલા પ્રશ્નો રજુ થયા હતા.

આજે રજુ થયેલા પ્રશ્નોમાં શિક્ષણના ૧૨૫, મહેસુલના ૫૪, તાલુકા પંચાયત ગાંધીનગરના ૪૦, માર્ગ ને લગતા ૮૨, નાગરિક પુરવઠાને લગતા ૧૮, આરોગ્યના ૨૫, સમાજકલ્યાણના ૩૫, મહાનગરપાલિકાના ૨૫ જેટલા પ્રશ્નો રજુ થયા હતા. રજુ થયેલા આ પ્રશ્નોની જિલ્લાતંત્ર દ્વારા સ્કુટીની કરવામાં આવી છે.

## અસરકારક બનાવાશે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

કે, સરકાર એસઆઈટીના પ્રવસ્તાવને અમલી કરશે નહીં. કારણ કે, આમા રોકડ લેવડદેવડ અને રોકડ જાળવણીની મર્યાદાને બદલાશે. ડિમોનેટાઈઝેશન અને કેશવિડ્રોઅલ પર અંકુશ ખુબ જ સકારાત્મક પગલા છે. કારણ કે આનાથી સમાન્તર અર્થતંત્રનો તબક્કો ખતમ થશે અને બ્લેકમની જનરેટ કરવાની શક્યતા બિલકુલ ઘટી જશે. બ્લેકમનીની સામે લડત ચલાવવા માટે વધુ એક મોરચો ખોલવામાં આવશે. જીએસટીની સાથે મળીને આને જોવામાં આવે તો આને ખુબ જ અસરકારક પહેલ તરીકે ગણવામાં આવે છે. સિનિયર ટેક્સ નિષ્ણાત ઉદય વેદે કહ્યું છે કે, જીએસટીથી પણ બ્લેક મનીને ફટકો પડશે.

## લાઈનો યથાવત.. ● અનુસંધાન પહેલાનું ચાલુ

એટીએમમાં આ નવી ૫૦૦ના દરની ચલણીનોટો નાંખવા અંગે આરબીઆઈ દ્વારા નિર્દેશ કરવામાં આવ્યા છે. બીજી તરફ અમદાવાદ શહેરમાં આંતરરાષ્ટ્રીય કક્ષાનું એરપોર્ટ આવેલું હોઈ આ એરપોર્ટ ઉપર દેશ અને વિદેશમાંથી આવતા પ્રવાસીઓને નાણાના અભાવે તકલીફ ન પડે એ હેતુથી દેનાબેંક દ્વારા એરપોર્ટ ખાતે નોટ એકસચેઈન્જ કરવા માટેના કાઉન્ટર શરૂ કરવામાં આવ્યા છે.જો કે આ માટે મુસાફરે તેમની ટિકીટ અને પોતાનું ઓળખકાર્ડ બતાવવું ફરજિયાત બની રહેશે.સરકારે આજથી નોટ બદલાવવા માટેની મર્યાદામાં ઘટાડો કરીને રૂપિયા બે હજારની કરવાની જાહેરાત કરી હતી. આમછતાં શહેરના વિવિધ વિસ્તારોમાં આવેલી નેશનલ અને ખાનગી એમ બંને પ્રકારની બેંકોની બહાર વહેલી સવારથી જ લોકોની લાંબી કતારો આજે સતત આઠમા દિવસે પણ યથાવત રહેલી જોવા મળી હતી. આજે શહેરના અનેક વિસ્તારોમાં એવી પણ પરિસ્થિતિ જોવા મળી કે,બેંકોને આપવામાં આવેલી કરન્સી ખુટી પડતા આ બેંકોએ તેની કામગીરી સમય અગાઉ આટોપી લેવાની પણ ફરજ પડી હતી. બીજી તરફ એચડીએફસી, યસ બેંક,સહીતની અન્ય ખાનગી બેંકોની બહાર મોડા સુધી લોકોની લાંબી કતાર રૂપિયા બદલવા અને મેળવવા માટે જોવા મળી હતી.

## કોર્ટમાં જઈ શકે છે

● અનુસંધાન પહેલાનું ચાલુ

વેળા ખાતરી આપવામાં આવી હતી અને એક્સચેંજ લિમિટ ૪૫૦૦થી વધારીને વધુ કરવાની ખાતરી આપી હતી પરંતુ તેને ઘટાડીને ૨૦૦૦ રૂપિયા કેમ કરવામાં આવી છે તેવા સુપ્રીમના પ્રશ્નના જવાબમાં સરકારે કેટલીક માહિતી આપી હતી. ૧૦૦ રૂપિયાની નોટની પણ તકલીફ છે કે કેમ તેવો પ્રશ્ન સુપ્રીમ કોર્ટ દ્વારા કરવામાં આવ્યો હતો. એક્સચેંજ લિમિટને ઘટાડવાની હિલચાલનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું હતું કે, ૪૫૦૦ની એક્સચેંજ લિમિટ કરવામાં આવ્યા બાદ તેનો દુરુપયોગ થઈ રહ્યો હતો. આજ કારણસર આ લિમિટને ઘટાડવામાં આવી છે. બીજી બાજુ સુનાવણી દરમિયાન એટર્ની જનરલ મુકુલ રોહતાગી અને વરિષ્ઠ વકીલ તથા કોંગ્રેસી નેતા કપિલ સિબ્બલ વચ્ચે લોકો દ્વારા સામનો કરવામાં આવી રહેલી સમસ્યાના મુદ્દે ઉગ્ર બોલાચાલી થઈ હતી. એટર્ની જનરલે કપિલ સિબ્બલ પર કોર્ટને રાજકીય ગતિવિધિથી પ્રેરિત કરવાનો આક્ષેપ કર્યો હતો. બીજી બાજુ સિબ્બલે કહ્યું હતું કે, સરકાર પાસે સ્થિતિને કાબૂમાં લેવા માટે કોઈ વિકલ્પ નથી. સ્થિતિ વણસી ગઈ છે. રોહતાગીએ કહ્યું હતું કે, સિબ્બલ કોર્ટમાં રાજનીતિ લાવી રહ્યા છે. આ મામલામાં વધુ સુનાવણી ૨૫મી નવેમ્બરે કરાશે.

## આજે માત્ર સિનિયર સિટિઝન્સ

● અનુસંધાન પહેલાનું ચાલુ

રાજીવ ઋષિએ એમ પણ કહ્યું છે કે, બેંકોમાં અન્ય તમામ સેવાઓ સામાન્યરીતે આગળ વધશે. નોટ બદલવા માટે આવી રહેલા લોકોની આંગણીમાં શાહીનો નિશાન લગાવવાની યોજના અંગે વાત કરતા રાજીવે કહ્યું હતું કે, આના કારણે લાંબી લાઈનમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. લાઈનો ૪૦ ટકા સુધી ઘટી ગઈ છે. બુધવાર બાદથી બેંકોમાં શાહીના નિશાન લગાવવાની શરૂઆત થઈ ચુકી છે. રૂપિયા ૫૦૦ અને ૧૦૦૦ની નોટ પર પ્રતિબંધ મુકવામાં આવ્યા બાદ બ્લેકમનીને વ્હાઈટ કરવાના પ્રયાસમાં મોટી સંખ્યામાં લોકો લાગેલા છે અને આના માટે કેટલાક લોકો બીજાના બેંક એકાઉન્ટનો ઉપયોગ કરી રહ્યા છે. લાલચી ઓફરોમાં આવીને મોટી સંખ્યામાં લોકો બીજાના પૈસા પોતાના ખાતામાં જમા કરાવી રહ્યા છે. સરકારે આવા લોકોને ચેતવણી જારી કરીને કહ્યું છે કે, આ પ્રકારની ગતિવિધિમાં સામેલ થવાની જરૂર નથી. આવી ગતિવિધિમાં સામેલ થવાની બાબત ભારે પડી શકે છે. દોષિત આવવાની સ્થિતિમાં ઈન્કમટેક્સ કાયદા હેઠળ બંને પક્ષોની સામે કાર્યવાહી કરવામાં આવશે.

## જપ્ત કરવા... ● અનુસંધાન પહેલાનું ચાલુ

બાબતોના મંત્રી અનંત કુમાર, નાણા મંત્રી અરુણ જેટલી, શહેરી વિકાસ મંત્રી વેંકૈયા નાયડુ ઉપસ્થિત રહ્યા હતા. નાણા મંત્રાલયને આ અંગેની સ્પષ્ટ કર્યા બાદ ચર્ચાનો અંત આવી ગયો છે. નાણાં મંત્રાલયના અધિકારી અને બેંકો સતત વ્યસ્ત બનેલી છે. બીજી બાજુ સામાન્ય લોકોને થઈ રહેલી તકલીફનો મામલો હવે સુપ્રીમ કોર્ટમાં પહોંચી ગયો છે. સુપ્રીમે આ મામલાની ગંભીર નોંધ લીધી છે. રૂપિયા ૫૦૦ અને ૧૦૦૦ની નોટ બંધ કરવામાં આવ્યા બાદ સામાન્ય લોકોને ભારે તકલીફ થઈ રહી છે ત્યારે હવે સુપ્રીમ કોર્ટે પણ આની નોંધ લીધી છે. સુપ્રીમ કોર્ટે કહ્યું છે કે, સામાન્ય લોકોની તકલીફ ન પડે તે માટે પગલા લેવામાં આવે તે જરૂરી છે. સુપ્રીમ કોર્ટે સ્થિતિને હળવી કરવા યોગ્ય પગલા લેવા માટે સૂચના આપી છે.

## અજગરી ભરડામાં... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સાંજ પડે ખિસ્સા ખર્ચી પણ નિકળતી હોવાનો બળાપો પ્રબળ બન્યો છે. જયારે મોટા શો રૂમમાં કોઈ ફરકતુ નથી. દિવાળી સુધી ધંધામાં મશગુલ વેપારીઓ હાલ સદંતર ટાઈમ પાસ કરતા હોવાનુ સ્પષ્ટ થઈ રહયુ છે. જયારે નોટ બંધીના નિર્ણય થી જમીન બજાર ,સોની બજાર તેમજ માર્કેટ યાર્ડમાં ઘેરા પ્રત્યાઘાત જોવા મળી રહયા છે.

માર્કેટ યાર્ડ બંધ હાલતમાં હોય તેમ સદંતર ધંધો પડી ભાંગ્યો છે.માર્કેટ યાર્ડનો ધંધો રોકડીયો હોવાથી હાલ ખેડુતો માટે પણ કફોડી સ્થિતિનુ સર્જન થયુ છે. જયારે બિલ્ડર લોબી નોટબંધીથી મહત્તમ પ્રભાવિત થઈ છે. વિકાસની હરણફાળ ભરતા ગાંધીનગર અસાપાસના વિસ્તારમાં થોડા દિવસો પુર્વે ધમધમતી કન્સ્ટ્રકશન સાઈટ પર સુનકાર જોવા મળી રહયો છે. નવી સ્કીમોનુ કામ પણ બંધ છે. કરોડોની સ્કીમને અનુલક્ષી ધંધાને આગળ કેમ ધપાવવો તે વાત બિલ્ડરો માટે મુખ્ય બની છે.

જમીન બજાર ઠપ્પ થઈ ગયુ છે. ત્યારે વ્હાઈટ મનીના ટ્રેન્ડમાં બિલ્ડરો માટે અત્યંત કપરી સ્થિતિનુ નિર્માણ થયુ છે. હાલ મજુરોને ચુકવવાના પૈસાના અભાવે બાંધકામ સાઈટ પર કામગીરી બંધ કરી દેવાઈ છે. જયારે સોની બજારમાં પણ જવેલરી શોપમાં કોઈ સી સી ટી વી કેમેરાની નજરમાં આવી પાનકાર્ડ બતાવી સોનુ ખરીદવાના મુડમાં નથી. શહેરના જવેલરી બિઝનેસમાં પણ નોટબંધીની અસરે અજગર ભરડો લીધો છે. લગ્ન સરાની સિઝન હોવાછતા કોઈ ખરીદાર દેખાતા નથી.

## જમીન ફાળવો... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હતો. જેમાં હાલનું મકાન તોડી નવુ બનાવવા સહાય સરકાર આપે તેવો વિકલ્પ પણ સૂચવવામાં આવ્યો હતો. આ પછી વૈકલ્પિક જગ્યા પણ ફાળવવા માટે સરકાર દ્વારા ઉદાસીનતા દાખવવામાં આવી રહી છે. આ અંગે પુનઃ દરખાસ્ત પણ પંચાયત વિભાગ દ્વારા સરકારને મોકલવામાં આવી છે પંરતુ હજુ કોઈ જ પ્રતિભાવ રાજ્ય સરકારે આપ્યો નથી.

દરમ્યાન જગ્યા ફાળવણી માટે તત્કાલીન માણસાના ધારાસભ્ય અને પૂર્વ અધ્યક્ષ સ્વ. પ્રો. મંગળદાસ પટેલને અંદાજપત્ર પરની વિભાગની ચર્ચા દરમ્યાન પણ ઝડપથી ઉકેલ લાવવાની ખાત્રી તત્કાલીન અને હાલના રાજ્ય પંચાયતમંત્રી જયંતભાઈ કવાડિયાએ આપી હતી પરંતુ તંત્રના ઉદાસીન વલણમાં કોઈ ફેરફાર થયો નથી. આજે પ્રગતિ સેતુના કાર્યક્રમમાં પુનઃ એકવાર ભાજપના સભ્યોએ આ અંગે રજુઆત કરી છે. આજે પ્રગતિ સેતુના કાર્યક્રમમાં ભાજપના જયેશ ચૌધરીએ આંબેડકર આવાસ યોજનાના લક્ષ્યાંકમાં વૃદ્ધિ કરવા માટે પણ રજુઆત કરી હતી.

સોનારડાના સરપંચ વિમળાબેને કુંવરબાઈ મામેરૂ યોજનામાં અપાતી સહાયમાં વધારો કરવા અંગે રજુઆત કરી હતી તો સામાજિક ન્યાય સમિતિના ચેરમેન એસ.એન. પરમારે દંતાલીમાં ઘરથાળના પ્લોટોની ફાળવણી પણ વર્ષોના હુકમો પછી પણ નહિ કરાયા હોવાની ઉગ્ર રજુઆત કરી હતી.

દહેગામ-અમદાવાદ હાઈવેને પહોળા કરવા, સાદરાને જોડતો બ્રીજ બનાવવા, તેમજ ગાંધીનગર દહેગામના ગ્રામ્ય વિસ્તારના રસ્તાઓ અંગે ૮૨ જેટલી રજુઆતો લોકો દ્વારા કરવામાં આવી હતી. ખોરજ કન્ટેઈનર ડેપોને લગતા પ્રશ્નો અને અકસ્માતના ભયનો પ્રશ્ન, જમિયતપુરાને સર્વિસ રોડનો પ્રશ્નો, ઔડામાં સમાવિષ્ટ ગામોના વિકાસમાં ઉદાસીનતા સહિતના સંખ્યાબંધ પ્રશ્નો આ કાર્યક્રમમાં રજુ થયા હતા.

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225

આયુર્વેદિક દવાઓ
હ્રીં NAGARJUNA BAN Since 1966 Himalaya HERBAL HEALTHCARE ZANDU VASU Healthcare Pvt. Ltd. ધૂતપાપેશ્વર પતંજલિ Baidyanath Dabur SANDU Charak
આયુર્વેદિક નિદાન કેમ્પ
દર શનિવારે સાંજે ૫ થી ૮
તપાસ ફી ૧૦૦ રૂપિયા
MM WellCARE
Manoj M. Trivedi | 98793 48048
Opp. Shree Bhuvneshwar Temple,
Cheap Type Shopping Center, Sector-6/D,
Gandhinagar. Ph. : 079 - 23241415